# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪/ક્વા-૨/૧૯-૨૦/૭૯૩૧–૩** **તા.૦૪–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૪/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ગળચર અરજણ સાજણભાઈ** ગામ: **ખોડદા**

રજૂઆત કરનાર: **અરજદાર ગળચર અરજણ સાજણભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **કે.ડી.નીનામા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ગળચર અરજણ સાજણભાઈ ગામ -ખોડદા, તેઓની અરજીના નોંધણી નં: ૬૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ખેતીવાડીનુ નવુ વીજજોડાણ તા.૦૯–૧૨–૯૨ મા સર્વે નંબર: ૨૦૦/૧ માં માંગણી કરેલ – જે અન્વયે ફુવારા પધ્ધતિ માટે ની રકમ રૂ.૧૨,૫૮૬/– તા.૦૮–૦૬–૧૨ ના રોજ ભરપાઈ કરેલ – તેમજ સાજણ જેઠા ના અવસાન થવાથી નામ બદલી – સાજણ જેઠા માથી અરજણ સાજણ ભાઈના નામે કરવા તા.૦૯–૦૬–૧૨ ના રોજ રૂ.૩૦૦/– ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, પીજીવીસીએલ માંગરોળ ગ્રામ્ય કચેરી દ્રારા તા.૧૧–૦૬–૧૨ ના રોજ ભાવપત્રક રૂ.૫,૯૩૫ નુ અપાયેલ, જે તા.૧૯–૦૬–૧૨ ના રોજ ભરપાઈ કરી આપેલ છે– તેમજ સાથે કરારનામુ પણ કરી આપેલ છે, તેમ છતા આજદિન સુધી સદર ખેતીવાડી વીજજોડાણ મળેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી ગરચર અરજણ સાજણ ગામ ખોડાદા તા.માંગરોળ પેટા વીભાગીય કચેરી માંગરોળ ગ્રામ્ય મુકામે નવા ખેતીવાડી વિજ જોડાણ- ૫ હો.પા.-સર્વે નં. : ૨૦૦ પેકી /૧ માં એસ.પી.એ. યોજના હેઠળ તારીખ : ૯-૨-૧૯૯૨ રસીદ નંબર ૩૩૦૫૯૯ ૩૩૦૬૦ થી રજિસ્ટ્રેશન કરાવેલ. જેના એસ.આર.નં.: ૩૯૧૮૧૭૪ તા ૦૮-૦૬-૨૦૧૨ અન્વયે અંદાજપત્ર તા.: ૧૧-૦૬-૨૦૧૨ અરજદાર ને મોકલાવેલ. જે અનુસંધાને અરજદાર દ્વારા અંદાજપત્ર ની રકમ તા. : ૧૯-૦૬-૨૦૧૨ થી ભરપાઈ કરેલ. તેમજ એગ્રીમેન્ટ તા.: ૧૯-૦૬-૨૦૧૨ થી કરેલ છે.

3.૧ સદર અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરવામાં આવેલ હોય. આથી- કંપનીના નિયમાંનુંસર લાઈન કામના કોન્ટ્રાકટશ્રી વાલમ કન્સ્ટ્રકશનને લાઈનકામગીરી સોપવામાં આવેલ જેના અનુસંધાને ૧૧ કે.વી. નવી લાઈન કરવાની કામગીરી ચાલુ કરતાની સાથેજ જે સ્થળ પર લાઈન કામગીરી કરવાની થતી હતી ત્યાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી દ્વારા મૌખિક મા વાંધા અરજી આપી કામની અટકાયત કરેલ ત્યારબાદ જે-તે સમયે સ્થળ પર અત્રેની કચેરી દ્વારા રેન્જ ફોરેસ્ટ ઓફિસર ને MGRL/SDN/TECH/1030/11-3-2014 પત્ર દ્વારા મંજુરી માટે લખવામાં આવેલ જેના જવાબ માં તા ૨૪-03-૨૦૧૪ નાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર નાં પત્ર દ્વારા કામગીરી કરવા મંજુરી આપેલ ન હતી.

3.૨ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ સદર વીજજોડાણની લાઈન ઉભી કરી શકાય તે હેતુ થી સદર કેશ ને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ની કચેરી જુનાગઢ ખાતે તેમની મંજૂરી અર્થે તા- ૧૧-03-૨૦૧૫ નાં રોજ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા તબદીલ કરેલ છે. સદરહું કેશમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા હુકમ થયે જરુરી લાઈનકામ ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને લાઈન કામ પૂર્ણ થયે વિજ જોડાણ ચાલુ કરી આપવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ગરચર અરજણ સાજણ ગામ ખોડાદા તા.માંગરોળ પેટા વીભાગીય કચેરી માંગરોળ ગ્રામ્ય મુકામે નવા ખેતીવાડી વિજ જોડાણ- ૫ હો.પા.-સર્વે નં. : ૨૦૦ પેકી /૧ માં એસ.પી.એ. યોજના હેઠળ તારીખ-૯-૨-૧૯૯૨ થી રજિસ્ટ્રેશન કરાવેલ. અગ્રતાક્રમ મુજબ અંદાજપત્ર તા.: ૧૧-૦૬-૨૦૧૨ અરજદાર ને મોકલાવેલ. જે અરજદાર દ્વારા અંદાજપત્ર ની રકમ તા. : ૧૯-૦૬-૨૦૧૨ થી ભરપાઈ કરેલ. તેમજ એગ્રીમેન્ટ તા.: ૧૯-૦૬-૨૦૧૨ થી કરેલ છે.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની વીજજોડાણ વાળી જગ્યા ફોરેસ્ટ વિસ્તાર હેઠળ આવતી હોવાથી – લાઈન કામગીરી કરવાની મંજુરી ન મળવાના કારણોસર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર કેઈસ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી – જુનાગઢ ખાતે મંજુરી અર્થે તા.૧૧–૦૩–૧૫ થી માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા મોકલાવેલ છે, જે કેઈસ હાલ પડતર છે. નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૯ નાં મુદા નંઃ ૨.૩૩–(૧) માં કરાયેલ જોગવાઈ મુજબ ''સદર પ્રકારના – એટલેકે સમાન ફરીયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબત ને લગતી કાર્યવાહી, કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં, અથવા આવી કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અધિકારીએ હુકમનામુ, ચુકાદો કે આખરી હુકમ પસાર કરી દીધો હોય તેવા કેઈસો '' ના નિકાલની કામગીરી અત્રેના ફોરમ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી નથી.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ દફતરે કરવી.

૪.૪ અરજદાર ની ફરીયાદનો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન